**ડાયરેક્ટ ❤ સે**

મારી આંખ
આંસુઓનો
ફલાવરવાઝ
- રિલ્કે

**જન્મદિને વધામણી**



**હરેશ જી જોશી**
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

# શહેરમાં રક્ષાબંધનની પરંપરાગત ઉજવણી









**એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે શનિવારે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓએ અવનવી રાખડીઓ બનાવી પોતાના ભાવ અને સર્જનાત્મક કૌશલ્યનું સુંદર પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને રક્ષાબંધનની ઉજવણીને સાર્થક બનાવી હતી.

આ સ્પર્ધામાં ધોરણ-૬માં જાહ્નવી ડી પરમાર, પ્રિયાંશી એન ફુલતરિયા, ધોરણ-૭માં ઊર્મિ બી પ્રજાપતિ, રિદ્ધિ કે પ્રજાપતિ, ધોરણ-૮માં જીયા જે પ્રજાપતિ, પ્રિયા બી દવે અને આયેશા પટેલ અનુક્રમે વિજેતા બન્યા હતાં. કાર્યક્રમનું આયોજન આચાર્ય નીરૂબેન જે પટેલના માર્ગદર્શન નીચે શિક્ષક અલકાબેન અને મનાલીબેનના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

**શ્રી વી એમ પટેલ અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર**

શ્રી વી એમ પટેલ અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે શનિવારે રક્ષાબંધન પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. બાલુડાઓએ આ કાર્યક્રમમાં સામેલ થઈ ઉત્સાહપૂર્વક એકબીજાને રાખડી બાંધી હતી. બાલમંદિરનો સ્ટાફ પણ બાળકો સાથે આ ઉજવણીમાં જોડાયો હતો.

**સરસ્વતી વિદ્યાલય**

સરસ્વતી વિદ્યાલય ખાતે રક્ષાબંધનનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો, જેમાં બાલમંદિર અને ધોરણ-૧થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને રક્ષાબંધનના પર્વનો મહિમા સમજાવ્યો હતો.

**જી ઈ ક્લબ**

શહેરની સંસ્થા ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રક્ષાબંધનની ઉજવણી પોલીસ અને એસટી કર્મચારીઓ સાથે કરવામાં આવી હતી. ઘ-૩ વિસ્તારમાં ફરજરત પોલીસ કર્મચારીઓ તથા એસટી ડેપોમાં ફરજરત કર્મચારીઓ અને ડ્રાઈવર્સ-કંડક્ટર્સને પણ રક્ષાનું બંધન કરી તેમનાં ક્ષેમકુશળ ઈચ્છવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ક્લબ દ્વારા પ્રતિવર્ષની માફક ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને પણ રક્ષાબંધન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર રાજપૂત સમાજના તેજસ્વી તારલા સન્માનાયા










ગાંધીનગર, તા. ૭

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧થી ૧૨ અને સ્નાતક, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર રાજપૂત સમાજનાં ભાઈ-બહેનોને સન્માનવાનો કાર્યક્રમ બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન, ગાંધીનગર ખાતે શહેર અને જિલ્લાના રાજપૂત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા અને વિક્રમસિંહ ગોલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. પ્રચાર-પ્રસાર સમિતિના વિનોદસિંહ રાઠોડે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણાએ સમાજના સર્વાંગી વિકાસમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવી એકતા, ભાઈચારો અને સ્ત્રીસશક્તિકરણ ઉપરાંત દીકરી અને દીકરીઓને નાનપણથી શિક્ષણ સાથે સુસંસ્કારોનું સિંચન કરવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલે ગાંધીનગર-ચિલોડા વચ્ચે સમાજના કેળવણી ભવનમાં ૭૦ લાખ રૂપિયાનો ફાળો જિલ્લા રાજપૂત સમાજ તરફથી આપતાં જણાવ્યું હતું કે ૯ વીઘા જેટલી જમીનમાં ૪૦ કરોડના કર્ચે કેળવણીભવન આકાર લઈ રહ્યું છે, તેવી વિગતો આપતાં જિલ્લામાં સમૂહલગ્નો દ્વારા થતી કામગીરીની રૂપરેખા આપી દરેકમાં પડી રહેલી સુષુપ્ત શક્તિઓને સમાજનાં વિકાસકાર્યોમાં જોતરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રારંભમાં મહામંત્રી પ્રદીપસિંહ બિહોલાએ તેજસ્વી તારલાઓના સન્માનની રૂપરેખા આપી શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. સમાજ ભવનમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિનામૂલ્યે શિક્ષણ આપવાની સ્વાતિબા રાઓલની માગણી સ્વીકારી આવનાર દિવસોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તાલીમ શહેર ઉપરાંત ગ્રામ્ય સ્તરે વિસ્તારમાં આવશે અને સમાજના સંગઠનને મજબૂત કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે રાજપૂત સમાજના અગ્રણી અને ગાંધીનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા શૈલેશજી બિહોલાએ પોતાનાથી બનતી તમામ સહાય સમાજને આપવાની તૈયારી બતાવી હતી. લગ્ન સમિતિના અધ્યક્ષ રતનસિંહ વાઘેલા, એડવોકેટ શંકરસિંહ ગોહિલ, નટવરસિંહ વાઘેલા, કૉર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, સ્વાતિબા રાઓલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. સંજોયક પ્રદીપસિંહ વાઘેલાએ આભારવિધિ કરતાં સમાજનાં કાર્યો અને આવનાર દિવસોમાં સમાજનાં વિકાસ કામોની રૂપરેખા આપી સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે માણસા ઠાકોર સાહેબ યોગોરાજસિંહ રાઓલે જણાવ્યું હતું કે આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ માણસા ખાતે સવારે ૯ કલાકે ક્ષત્રિયોનું સ્નેહમિલન યોજાઈ રહ્યું હતું. તેમણે સૌને આ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

રાષ્ટ્રીય રાજપૂત કરણ સેનાના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ભૈરવસિંહ શેખાવતે ગાંધીનગર શહેર અને જિલ્લા રાજપૂત સમાજની પ્રવૃત્તિઓ બદલ બંને પ્રમુખ અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા. સહમંત્રી ભરતસિંહ બિહોલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બી ટી વાઘેલા, પૃથ્વીસિંહ ચાવડા, જુજારસિંહ ચાવડા, રજુજી ગોલ, સરોજબા રહેવાર, બિનાબા ચૌહાણ, ખજાનચી બાબુસિંહ વાઘેલાએ સક્રિય સાથ આપી કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

## એમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા વાલીઓ સમક્ષ આયોજનોનું પ્રેઝન્ટેશન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ઇન્ટર્નલ ક્વૉલિટી એશ્યોરન્સ સેલ દ્વારા વાલીઓ અને ચેરમેનની સમૂહ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સ્કૂલ અને તેના વાર્ષિક આયોજન વિશે સંપૂર્ણ માહિતી પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આપવામાં આવી હતી. વાલીઓનાં સૂચનો પણ આ કાર્યક્રમ દરમિયાન મેળવવામાં આવ્યાં હતાં. બાળકોને સ્ટ્રેસ ફ્રી વાતાવરણ મળી રહે તે માટે વાલીઓ અને શાળાએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ એવી સલાહ ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

## કડી મહિલા કૉલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે રંગકૌશલ્ય ધારા અંતર્ગત મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કૉલેજની ૨૫ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંજલી દરજી, દ્વિતિય ક્રમે પારૂલ ગોહિલ અને તૃતિય ક્રમે નિકીતા પ્રજાપતિ વિજેતા બન્યાં હતાં. મહેંદી સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સંગીતાબેન આચાર્ય અને પ્રા. ડૉ. મનસુખભાઈ પટોલિયાએ પોતાની સેવાઓ આપી હતી. કાર્યક્રમ સંયોજક પ્રા. વર્ષાબેન સી બ્રહ્મભટ્ટ તથા કમિટી મેમ્બર ડૉ. વંદનાબેન ઠક્કરે સ્પર્ધાનું આયોજન કર્યું હતું. કૉલેજનાં આચાર્ય હિનાબેન પટેલના માર્ગદર્શનમાં સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

## આદર્શ નિવાસી કુમાર શાળા કબડ્ડીમાં ઝળકી

ગાંધીનગર, તા. ૮

આદર્શ નિવાસી કુમાર શાળા (વિકસતી જાતિ), નાંદોલની કબડ્ડીની ટીમ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે વિજેતા બની છે. નાયબ નિયામક એમ પી ઠાકર અને આચાર્ય, શિક્ષકોએ આ વિજેતા ટીમને અભિનંદ પાઠવ્યા છે. શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત રોપાઓનું આરોપણ કરીને માવજત કરવાની જવાબદારી વિદ્યાર્થીઓ દ્વારા ઊઠાવવામાં આવી હતી.

## જીટીયુ ખાતે સોશિયલ મીડિયા અંગે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૭

ગુજરાત ટેક્નોલૉજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા સોશિયલ મીડિયા વિશે એક દિવસીય વર્કશોપ યોજાયું હતું. જેમાં સોશિયલ મીડિયાની પોઝિટિવ અને નેગેટિવ ઈમ્પેક્ટ વિશે વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા. રાજકોટના યશ ચાવલા વર્કશોપમાં એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સોશિયલ મીડિયા વિશે મહત્વની જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. રોજ એક યુવાન સરેરાશ ૩ કલાક સોશિયલ મીડિયા પાછળ ખર્ચે છે એટલે કે રોજ ૧૮૦ કરોડ માનવ કલાક સોશિયલ મીડિયા પાછળ ઉપયોગમાં જતાં હોઈ તેનો પોઝિટિવ ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

યશ ચાવલાએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં સોશિયલ મીડિયાનો ઈમ્પેક્ટ એટલો બધો વધશે કે તેને રોકી શકાશે નહીં. સોશિયલ મીડિયાનો પોઝિટિવ ઉપયોગ થાય તે માટે લોકોએ પ્રયાસ કરવા જોઈએ. બાળકો જ્યારે ૧૫ વર્ષના થાય ત્યાર પછી જ તેમને એજ્યુકેટ કરીને સ્માર્ટ ફોન વાપરવા આપવા જોઈએ અને તેમને સોશિયલ મીડિયાનો પોઝિટિવ ઉપયોગ કરતા શિખવવું જોઈએ. યુવાનોએ પણ પોઝિટિવ હોય તેવી જ પોસ્ટ સોશિયલ મીડિયા પર મુકવી જોઈએ. જેથી તેમની ઈમેજ બનશે અને ભવિષ્યમાં પણ તે ઉપયોગી બનશે. કાર્યક્રમમાં ઉપસ્થિત જીટીયુના કુલપતિ ડો. નવીન શેઠે સોશિયલ મીડિયા વિશે જણાવતા કહ્યું હતું કે, સોશિયલ મીડિયાની મોટી ઈમ્પેક્ટ ઊભી થઈ છે. સોશિયલ મીડિયાનો નેગેટીવ ઉપયોગ પણ થાય છે અને પોઝિટિવ ઉપયોગ પણ થાય છે. નેગેટિવ ઉપયોગથી સમાજ પર તેના માઠા પરિણામ પડી શકે છે. સોશિયલ મીડિયાની ઈમ્પેક્ટ વિશે લોકોને સમજાવવા પડે અને તેને લઈને જ જીટીયુ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું છે. આ વર્કશોપમાં યુનિવર્સિટીના કર્મચારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જિંદગી અચાનક, અકસ્માતે બનતી નથી

માનવી તરીકેનો જન્મ લેવો એ એક અકસ્માત છે. જીવન અને જિંદગી વચ્ચે ભેદ છે. જન્મ અચાનક બનતી ઘટના છે. જિન્દગી અચાનક અકસ્માતે બનતી નથી. જિંદગી તો માનવી એની ચોઈસથી ઘડે છે.

ઈશ્વરે આપેલા મનુષ્ય અવતારને અવસર બનાવી જિંદગીનો જન્મ આપી શકાય. જિંદગીના જન્મ માટે જીવનના કેટલાક પાયાના તત્વોમાનું એક છે. 'વિવેક'. બીજા શબ્દોમાં કહીએ તો સંયમ અને કંટ્રોલ. વિવેક જીવનમાં ખુશીઓ ભરી દે છે. ઈજીપ્શિયન લોકો માને છે કે, જ્યારે મૃત્યુ થાય છે ત્યારે પ્રભુ ઓરેસીસના દરબારમાં માનવીના આત્માને લઈ જવામાં આવે છે. ઓરેસીસ ભગવાને એને બે પ્રશ્નો પૂછે છે. આ બે પ્રશ્નોના જવાબ ઉપરથી જીવને આગળ ક્યાં મોકલવો એનું ભાવિ નક્કી કરવામાં આવતું હોય છે. આ બે પ્રશ્નોમાં પહેલો પ્રશ્ન, 'તમે, જીવનમાં ખુશી લાવ્યા હતા ?' અને બીજો પ્રશ્ન, 'તમે ખુશીની ખોજ કરી હતી ?' ઈજીપ્તની પરંપરા મુજબની આ માન્યતા પ્રથમ દ્રષ્ટિએ ખુબ સામાન્ય પ્રકારની લાગે પરંતુ એમાં જીવનનો મહત્વનો એંગલ ઉજાગર થાય છે. માનવીના જીવનમાં ખુશી આપવા અને ખુશી લાવવા માટેનો સાચા અને સારા દોસ્તનું નામ 'વિવેક' છે.



વિવેક વ્યક્તિને સુસંસ્કૃત અને સક્ષમ બનાવવાનો રાજમાર્ગ બતાવે છે. જેટલા પ્રમાણમાં વિવેક એટલી ત્યાં ખુશી અને સભ્યતા. જીવનના ત્રિકોણીયા ઘાટના આચાર, વિચાર અને વાણીના ત્રણેય ખૂણાનો વિવેક 'જિંદગી'ને જન્મ આપે છે.




**વિચાર વિવેક**

વિચાર માનવીની સાચી શક્તિ છે. હજારો-લાખો વિચારો આવે અને જાય. કયા વિચારને પાળવો, પોષવો અને વટવૃક્ષ બનાવવો તથા કયા વિચારને વાળવો કે બાયપાસ કરવો એનો વિવેક 'જીવન'ને 'જિંદગી' બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિચારોના ચાલતા ધમાસાણ ટ્રાફિકમાં મનને કેળવવા માટે વિવેકરૂપી શિક્ષક જોઈએ. વિચારોની શૃંખલાને યોગ્ય ખાનામા મુકી એના સર્વોત્તમ પરિણામો મેળવી જીંદગીમાં ખુશીઓ વિચાર વિવેક લાવે છે. એક મિત્ર હંમેશા દરેક વ્યક્તિના વર્તનમાં હકારાત્મકતા જ જુએ. કાર્ય આરંભ કરતા પુર્વે એ હમેશા ઈશ્વરને પ્રાથના કરે કે 'પ્રભુ મારૂ કાર્ય સફળ થવા જઈ રહ્યું છે એ માટે તારો એડવાંસમાં આભાર માનું છું.' આ મિત્ર હમેશા દરેક કાર્યના અંતે સિધ્ધિને વર્યા છે. કોઈ વાર ક્યારેક અટ્ક્યા પણ છે ત્યારે ઈશ્વરને નિમિત્ત ન બનાવતા પોતાના પ્રયાસમાં કચાશ છે એમ વિચારી વધુ દમદાર પ્રયત્નમા આ મિત્ર લાગી જાય છે અને પરિણામ મેળવે છે. વિવેકપૂર્ણ હકારાત્મક વિચારોની આ મજબુત તાકાત જ જીંદગી બનાવે છે.

**વાણી વિવેક**

ક્યારે, ક્યાં, કેટલું અને કોની સામે બોલવું આ ચાર 'ક'નો વિવેક જરૂરી છે. પ્રસંગને ઉજાગર કરે એવા શબ્દો આનંદ આપે. ઊંચા સૂર કે ખૂબ નીચા અવાજમાં અભિવ્યક્તિનો કોઈ અર્થ ન સરે. અન્યના વિચારો એમની વાણી શાંતિપૂર્વક સાંભળવાના વિવેક જીવનને એક નવે ઉઘાડ આપે છે. અન્યની વૈચારિક વાણી જીવનમાં નવતર મોડ આવતો હોય છે. શબ્દોનું પ્રમાણ જળવાય અને કયા શબ્દોને વિરામ અપાય એની સુજ અને સંયમ જરૂરી છે.

**આચાર વિવેક**

વર્તનમાં વિવેક સૌથી મહત્વની બાબત છે. શારીરિક વય અને બૌદ્ધિક વય મુજબ વર્તણૂંકમાં વિવેક જીવનને મૂલ્યવાન જિંદગી બનાવે છે. તત્વચિંતક અને લેખક જેકસન બ્રાઉને આચરણમાં વિવેક માટે ખૂબ સરસ કહ્યું છે કે, વિચારો ભલે મોટા હોય પણ નાની નાની વર્તણૂંકોમાંથી ખુશી શોધી લેવી પડે. ગુલાબ જોવાનો આનંદ અવશ્ય મેળવવો જોઈએ પણ સુવાસ માણવાનું કદી ન ચુકાવું જોઈએ.

કમલનયન બજાજ આગળ અભ્યાસ કરવા વિદેશ જતા હતા ત્યારે ગાંધીજીએ એમને વાણી, વર્તન અને વિચારમાં 'વિવેક' શીખવતી સરસ વાત કરી હતી. એમણે બજાજને કહ્યું કે, 'ભાઈ, બોલવાનું ઓછું રાખજે, સાંભળજે બધાનું પણ કરવાનું જે હદયથી ખરું લાગે તે જ. પ્રત્યેક પળનો હિસાબ રાખજે. પૈસાનો રૂઆબ ન કરીશ અને જીવન ગરીબની માફક જીવજે. બુદ્ધિની તીવ્રતા કરતા લાગણીશીલ વર્તન અગત્યનું છે. એટલે વર્તનમાં વિવેક રાખજે.' બાપુએ કમલ બજાજ સામે વિચાર, વાણી અને વર્તનના વિવેકપૂર્ણ સામંજસ્યને માત્ર ચાર લીટીમાં મસ્ત રીતે પ્રસ્તુત કરી 'વિવેક 'ના ખજાનાને ખોલી નાખ્યો.

અકસ્માતે મળેલા માનવી જીવનને વિવેકના સથવારે મઝાની જિંદગી બનાવવા આપણે સ્વયં જ જાગૃત પ્રયાસ કરવાના હોય છે. બીજી કોઈ વ્યક્તિ આપણા જીવનને 'જિંદગી' કેવી રીતે બનાવી શકે ? કોઈ ક્યારેક એમ કહે કે, 'મારા જીવનમાં ફલાણી બાબત બની તેમાં મારો બિલકુલ વાંક નથી પણ જો ધ્યાનપૂર્વક એ વાતનું પોતે આકલન કરે તો ક્યાંકને ક્યાંક એની પરિસ્થિતિના મૂળમાં એની સ્વયંની જ વાણી, વિચાર કે વર્તનમાં 'વિવેક'નો અભાવ જણાશે. વિવેકપૂર્ણ વ્યક્તિત્વ આસપાસના વ્યક્તિઓને પણ પ્રેરણા આપે છે. જ્યારે વિચારહીન અને વિવેકશુન્ય વ્યક્તિની અધોગતિમાં બીજા પણ ઢસડતા જાય છે.

**ધબકાર**

વાણી, વિચાર અને વર્તનમાં સમન્વય સધાય પછી જે જીવાય એને જ જિંદગી કહેવાય.

('ખુમાર' તિરમીઝી)